# સ્વપરપ્રકાશક છતાં પરનો અપ્રકાશક

જ્ઞાનગુણ એ આત્માનો એક અચિંત્ય મહિમાવંત વિશિષ્ટ ગુણ છે અને તે ગુણની વર્તમાન પર્યાય એક છે છતાં એ એક પર્યાયમાં જાણવાની વિધિના પ્રકાર બે છે: સ્વસંબંધીનું જાણપણું અને પરસંબંધીનું જાણપણું; ત્યાં સ્વસંબંધીનું જાણપણું આત્માને અતીન્દ્રિય આનંદની અનુભૂતિનું કારણ છે અને પરસંબંધીનું જાણપણું જ્ઞાનની શક્તિ-સામર્થ્યની પ્રસિદ્ધિ કરનાર છે. કઈ રીતે?–કે જે ત્રણ લોકની સામે જોવું કે જાણવું નથી તે ત્રણ લોકસંબંધી જ્ઞાનાકારે થઈને તેને જાણવાની જ્ઞાનમાં શક્તિ-સામર્થ્ય હોવાની પ્રસિદ્ધિ કરે છે. આવા વિશિષ્ટ સામર્થ્યરૂપ સ્વપરપ્રકાશકની ચર્ચામાં 'પરને જાણતો નથી' એ વિષય ગર્ભિત છે કે એ વિષય જુદો છે? જેમ કે શાકાહારની ચર્ચામાં માંસાહારનો વિષય ભિન્ન છે તેમ આ બે વિષય ભિન્ન-ભિન્ન છે ને?–કે ના; શાકાહારમાં શાકાહાર રાત્રિભોજનમાં માંસાહારરૂપ હોવાથી શાકાહારમાં રાત્રિભોજનના નિષેધની ચર્ચા માત્ર ગર્ભિત નથી બલ્કે અનિવાર્ય આવશ્યક વિષય છે, તેમ સ્વપરપ્રકાશકની ચર્ચામાં, પરપ્રકાશપણું સમ્મિલિત હોવાથી તે પરપ્રકાશકપણામાં પર શું છે અને તે પરને કઈ વિધિથી પ્રકાશે છે અર્થાત્ પરને સીધું પ્રકાશે છે કે પર માત્ર નિમિત્ત તરીકે જ્ઞેયરૂપ ઉપસ્થિત હોય છે ઇત્યાદિ વિષય પરપ્રકાશકની ચર્ચામાં અનિવાર્ય આવશ્યક હોવાથી 'પરને જાણતો નથી'—એ વિષય વિના સ્વપરપ્રકાશકની ચર્ચા અધૂરી જ ગણાય; માટે પ્રથમ પરને જાણવા સંબંધી વિસ્તૃત ચર્ચા વિચારીએ.

મુમુક્ષુને માંસાહાર ન હોય અથવા વાંદરીનું બચ્ચુ વિજ્ઞાનાદિ કોઈ અપેક્ષાએ મનુષ્યનું બાળક હોઈ શકે કે કેમ?—એવી ચર્ચાની અનુપયોગીતાની જેમ, જેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનું સીધું સાન્નિધ્ય માણ્યું છે, પ્રત્યક્ષ શ્રવણપાનના સૌભાગ્યશાળી રહ્યા છે તેઓને અને/અથવા જેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના રેકોર્ડેડ પ્રવચનોના વિશેષ શ્રવણાર્થી મુમુક્ષુઓ છે તેમને તો 'પરને જાણતો નથી' એ સંબંધીની ચર્ચા અપ્રસ્તુત લાગવી સહજ છે; તોપણ 'સ્વપરપ્રકાશકપણામાં પરનું જાણવું થતું નથી'—એવી પોતાની સમજની દૃઢતા અર્થે તે સંબંધી વિચારી શકાય કે—

"પરને જાણતો નથી, પરસંબંધી પોતના જ્ઞાનને જાણે છે."—આ, પૂજ્ય ગુરુદેવશ્રીનું સૂત્ર છે.

આ સૂત્રની સામે તેઓશ્રીના એક કથનને યાદ કરીએ કે "રાગાદિનું (પરનું) જે જ્ઞાન થયું તે રાગાદિના કારણે થયું નથી."

ઉપલક દૃષ્ટિથી વિચારતાં એમ થાય કે જાણે બન્ને વિરોધાભાસી પ્રરૂપણા છે. પરંતુ ભાઈ! શું જ્ઞાની વસ્તુસ્વભાવનું નિરૂપણ બે વિરોધાભાસી પ્રરૂપણા વડે કરે ખરા! કદાપિ નહીં. તો પછી એનો અર્થ એ થયો કે આપણને તેના ગૂઢ રહસ્યની સમજ ન પડવાથી બન્ને પ્રરૂપણા વિરોધાભાસી હોવાનો ભ્રમ ઊપજે છે. જેમ કે "પાણી અગ્નિથી ઉષ્ણ થતું નથી."—આ એક સિદ્ધાંત છે અને 'અગ્નિથી ગરમ થયેલું પાણી અગ્નિના કારણે ઉષ્ણ થયું નથી.' ઉપરના બન્ને વાક્યનો વિચાર કરીએ. શું પહેલાં વાક્યમાં જે સિદ્ધાંત કહ્યો તેનો નિષેધ બીજા વાક્યમાં છે? બીજા વાક્યમાં સ્પષ્ટ રીતે સ્વીકાર કર્યો છે કે 'અગ્નિથી ઉષ્ણ થયેલું પાણી.' અરે ભાઈ! બીજા વાક્યમાં લોકવ્યવહારની ભાષાથી કહ્યું કે અગ્નિથી ઉષ્ણ થયેલું પાણી! પરંતુ લોકવ્યવહારથી પ્રરૂપણા એટલે કરી કે તને એ લોકવ્યવહાર નજરમાં છે; ખરેખર તો લોકવ્યવહારની ભાષામાં એ વાક્ય કહીને તેનું ખંડન કર્યું છે કે 'તે પાણી અગ્નિથી ઉષ્ણ થયું નથી,' જેમ ઘીનો ઘડો છે તે ઘીનો નથી પણ માટીમય છે—એમ સમજાવાય છે તેમ. તાત્પર્ય એ કે બીજા વાક્યનો પહેલો ભાગ તારી માન્યતા મુજબ કહીને તારી તે માન્યતા ખોટી છે તે તને સમજાવવા માટે કહ્યું છે; નહીં કે પહેલાં ભાગની સ્વીકૃતિ માટે! જો પહેલાં ભાગને સત્ય માની લઈએ કે પાણી અગ્નિથી ઉષ્ણ થયેલું છે તો આગળ બીજા ભાગનું કાંઈ પ્રયોજન જ રહેતું નથી.

અરે ભાઈ! નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવા નિમિત્તની અપેક્ષાથી કથન કરીને નિમિત્ત અકિંચિત્કર છે તેમ સમજવાની એક પદ્ધતિ છે. નિમિત્તની અપેક્ષાનું કથન કરવા પાછળ મજબૂત પ્રયોજન એ છે કે નિમિત્તથી થતું દેખાવા છતાં નિમિત્તથી થતું જ નથી એમ સિદ્ધ કરવું છે.

બસ, પરને જાણવા સંબંધીના ઉપરોક્ત બંને વાક્યોને આ દૃષ્ટાંતથી વિચારીએ તો સમજાશે કે પ્રથમ સૂત્ર છે તે વસ્તુસ્વભાવનું નિરૂપણ કરે છે અને બીજું વાક્ય છે તે તારી અનાદિની અજ્ઞાનજન્ય જે માન્યતા છે કે 'રાગાદિને જાણે છે' તેને યાદ કરીને તને એ સમજાવાયું છે કે રાગાદિના કારણે જ્ઞાન થયું ન હોવાથી તે જ્ઞાન રાગાદિનું નથી પણ તે જ્ઞાન જ્ઞાનનું જ છે કેમ કે ગાથા-૬૮ મુજબ 'જવપૂર્વક જે જવ થાય તે જવ જ હોય' અથવા તો ગાથા–૩૫૬-૩૬૫ મુજબ 'જેનું જે હોય તે તે જ હોય'—એ ન્યાયે, રાગાદિના કારણે નહીં થયેલું તે જ્ઞાન, જ્ઞાનની વર્તમાન પર્યાયવત્ યોગ્યતાથી થયેલું હોવાથી તે જ્ઞાન જ્ઞાનનું જ હોય; નહીં કે રાગાદિનું!

જો એમ કહેવામાં આવે કે રાગાદિને (પરને) નહીં જાણતું જ્ઞાન રાગાદિથી થયું નથી તો! તો એમ લાગશે કે એમાં શું નવાઈ! રાગાદિને જાણતું ન હોય ત્યારે રાગાદિથી જ્ઞાન

ન થવાની વાત જ ક્યાં આવી? અરે ભાઈ! રાગાદિનું જ્ઞાન રાગાદિથી થયું નથી એમ કહેવામાં મૂળભૂત એ પ્રયોજન સમાયેલું છે કે રાગાદિસંબંધી જે જ્ઞાન થયું તે જ્ઞાનનું જ જ્ઞાન છે, તે જ્ઞાન રાગાદિનું છે જ નહીં, તે જ્ઞાન રાગાદિને જાણતું જ નથી પણ તે જ્ઞાન પોતાના જ્ઞાનના જ કલ્લોલો છે ને તેને તે જ્ઞાન જાણતું પરિણમે છે.

ખરેખર તો 'પરને જાણતો નથી' એમ કહેતાં જ્ઞાનમાત્ર જીવવસ્તુની મર્યાદા-સીમા હદ બતાવી છે કે તું તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની બહાર જતો જ નથી, તું તારા દ્રવ્ય-ગુણ-પર્યાયની બહાર જઈ શકતો જ નથી, તેથી તું પરની સીમામાં પ્રવેશી શકતો ન હોવાથી પરને જાણતો નથી; એ તો ઠીક પણ તારા વિશિષ્ટગુણનું હર સમયે જે કાર્ય થાય છે તેની પ્રસિદ્ધિ અર્થે કદાચિત્ જ્ઞેયની ઉપસ્થિતિ હો તો ભલે હો, તોપણ તે કારણ અને તારું જ્ઞાન-પરિણમન કાર્ય એવો કર્તાકર્મસંબંધ પણ નથી; ભલે ને તે જ્ઞાનકલ્લોલો પરસંબંધીના હો તોપણ પરની સાથે કર્તાકર્મસંબંધ પણ નથી અને તેને જાણતું પણ નથી—એમ બે દ્રવ્યો વચ્ચેની સીમાને નહીં ઉલ્લંઘતો એવો વસ્તુસ્વભાવ સમજાવીને જ્ઞાનમાત્ર જીવવસ્તુનો મહિમા સમજાવ્યો છે.

જાણવાના સંદર્ભમાં જ્ઞાની પંડિત શ્રી જયચંદજી છાબડાનું મંતવ્ય બહુ માર્મિક છે તેને યાદ કરીએ. તેઓ કહે છે કે "બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં જ છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતા જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાનવડે જણાય છે." (શ્રી સમયસાર, શ્લોક–૨૭૧, ભાવાર્થમાંથી)

શ્રી પ્રવચનસારની ગાથા–૩૮ના આધારે વિચારીએ તો જે પર્યાયો વિદ્યમાન નથી એવા ભૂત-ભવિષ્યના પરના પરિણમનને વર્તમાનવત્ જાણી લેતું જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવની અદ્‌ભુત મહિમા પ્રસિદ્ધ કરે છે કે પર-પરિણમનની હયાતિ ન હોવા છતાં પરસંબંધીના પોતાના જ્ઞાનને જાણતું હોવાથી પરને જાણતું પણ નથી તેમજ પરથી થતું પણ નથી.

ફરીથી મૂળ વિષય ઉપર આવીએ કે 'રાગાદિનું અહીં જે જાણપણું થયું તે રાગાદિથી થયું નથી'—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે. શું અહીં એમ સિદ્ધ કરવા માગે છે કે રાગાદિને જાણે છે?—કે એમ સિદ્ધ કરવા માગે છે કે રાગાદિથી જ્ઞાન થતું જ નથી. અરે ભાઈ! રાગાદિને જાણે છે એ વાત સિદ્ધ કરવી નથી બલ્કે રાગાદિને જાણતું નથી એ વાત સિદ્ધ કરવા કહ્યું છે કે રાગાદિથી જ્ઞાન થયું નથી. કેમ કે જે જ્ઞાન જેનાથી થયું ન હોય તે જ્ઞાન તેનું ન હોય! રાગાદિથી જ્ઞાન થયું નથી તેથી તે જ્ઞાન રાગનું નથી પણ તે જ્ઞાન પોતાની યોગ્યતાથી થયું હોવાથી તે જ્ઞાન જ્ઞાનનું જ છે. અર્થાત્ "રાગાદિનું અહીં જે જાણવું થયું

તે રાગાદિને જાણતું નથી પણ તે જ્ઞાન પોતાના તત્સમયના જ્ઞાનાકારને જ જાણતા પરિણમે છે કેમ કે તે જ્ઞાન જ્ઞાનથી જ થયું છે, રાગાદિથી થયું નથી.'' આટલું લાંબુ કથન ન કરવા માટે 'રાગાદિનું અહીં જાણપણું થયું તે રાગાદિથી થયું નથી'—એમ ટૂંકાવીને કહ્યું છે. પણ અરેરે! અનાદિનો પરને જાણવાનો જે રસ પડ્યો છે ને! તેના કારણે 'રાગાદિને જાણે છે' તેમ ખેંચી કાઢે છે. હિત-અહિતના વિવેકરહિત બાળકને પારકી માને ધાવવામાં મીઠાશબુદ્ધિ થઈ જવાથી પોતાની માને ધાવવાનું ક્યાંથી ગોઠે? પૂજ્ય ગુરુદેવશ્રીએ હજાર વારથી વધુ વાર પ્રવચનમાં કહ્યું કે 'પરને જાણતો નથી' છતાં બાળકબુદ્ધિ અજ્ઞાનીને 'તન્મય થઈને જાણતો નથી તોપણ જાણે છે તો પરને જ'—એમ પરનો રસ છૂટતો ન હોવાથી, પરસંબંધીના જ્ઞાનને જાણતું જ્ઞાન પોતાના જ્ઞાયકની જ પ્રસિદ્ધિ કરે છે—એમ પોતાના જ્ઞાયકનું લક્ષ કરવું તેને ગોઠતું નથી.

સ્વભાવને સમજાવવા માટે પરની અપેક્ષાથી કથન કરવું ભલે પડે, તોપણ સ્વભાવ એને જ કહેવાય કે જે સ્વભાવ વડે સ્વભાવરૂપે જ પરિણમે; જેના પરિણમનમાં પરની ગંધમાત્ર પણ ન હોય. સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી, સ્વ અને પરના પ્રકાશન વખતે જો તેમાં પરની ગંધમાત્ર ભળી જાય અથવા પરનું પ્રકાશવું થઈ જાય તો સ્વભાવમાં દોષ આવી પડે! પરનું પ્રકાશવું તો દૂર રહ્યું પણ પરથી પણ પ્રકાશવું થાય તો સ્વભાવ પરાધીન થઈ જાય!—એટલે કે તેને સ્વભાવ જ કહી ન શકાય. સ્વજ્ઞેય અને પરજ્ઞેયસંબંધી પોતાના વિવિધ જ્ઞાનાકારોરૂપે જ્ઞાનવડે જ્ઞાન પરિણમતું રહે તો જ તેને સ્વપરપ્રકાશક સ્વભાવ કહી શકાય.

જ્ઞાન સ્વભાવ એટલો અચિંત્ય મહાન સામર્થ્યવાળો છે કે પરજ્ઞેયની ઉપસ્થિતિ વર્તમાનમાં હોય જ નહીં પણ ભવિષ્યમાં તે પરજ્ઞેયની ઉપસ્થિતિ નિશ્ચિતરૂપે હોવાની જ હોય તેવા પરજ્ઞેયને જ્ઞાન વર્તમાનવત્ જાણી લ્યે છે. આદિનાથ ભગવાને સમવસરણમાં બેઠેલા મારિચને જાણવા સાથે ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટતી પણ જાણી હતી ને! પરજ્ઞેયરૂપ ભગવાન મહાવીરનું તો હજું અસ્તિત્વ જ નહોતું ને! તો આદિનાથે કોને જાણ્યા? મહાવીર તો હજુ મારિચ છે! અરે ભાઈ! આદિનાથે પોતાના જ્ઞાનને જ જાણ્યું છે, કેમ કે મહાવીરની ઉપસ્થિતિ ન હોવાથી મહાવીરના કારણે જ્ઞાન થયું છે કે મહાવીરને જાણે છે એ બંને વાત સંભવતી જ નથી. તેથી સિદ્ધ એમ થાય છે કે જ્ઞાન પરથી થતું જ નથી અને પરને જાણતું પણ નથી. આ જ તો જ્ઞાનનો અચિંત્ય સ્વભાવ છે અને એવો જ્ઞાનસ્વભાવી હું જ્ઞાયક છું—એમ જ્ઞાયકનું લક્ષ પૂજ્ય ગુરુદેવશ્રી કરાવવા માગે છે.

પરને જાણવા સંબંધી કોઈનું એવું મંતવ્ય છે કે જાણવું એ કાંઈ દોષ નથી, જાણવું

એ તો તારો સ્વભાવ છે. વળી ક્યા સમયે ક્યા જ્ઞેયને તું જાણશે એ પણ ક્રમબદ્ધ હોવાથી તારે ક્યા જ્ઞેયને જાણવું એ પણ ચિંતા કરવાની નથી. માટે, માથા પરથી પરને જાણવાનો બોઝો ઉતારી દે ને તારા જાણવાના સ્વભાવની મહિમા વડે જ્ઞાયકને જાણી લ્યે ઈત્યાદિ. તો અહીં પ્રશ્ન એ ઉદ્‌ભવે કે પરને જાણતો નથી એની ચર્ચા છે કે આત્મા જાણતો નથી એની ચર્ચા છે? વક્તાના ઉક્ત મંતવ્યમાં તો આત્માના જાણવાના સ્વભાવનો કોઈ નિષેધ કરતો હોય તેને સમજાવતા હોય તેમ લાગ્યું! અરે ભાઈ! જાણવું એ તો આત્માનો સ્વભાવ છે, જો જાણપણું ન હોય તો પાંચને બદલે છએ દ્રવ્યો અચેતન હોવા જોઈએ ને! અહીં જાણપણાનો નિષેધ છે જ નહીં. જાણવાનો સ્વભાવ હોવાથી જાણે જ છે પણ કોને જાણે છે? પરને જાણે છે કે પરસંબંધી પોતાના જ્ઞાનને પોતે જાણે છે? તેની ચર્ચા છે. ત્યાં જાણવું એ તો સ્વભાવ છે એમ કહીને પરને જાણે છે એમ તેઓ સમજાવવા માગતા હતા. જોકે તે વક્તા સ્વયં કહે છે કે જ્ઞેયની સાપેક્ષતાથી જ્ઞેયાકાર કહેવાની કથન પદ્ધતિ હોવા છતાં ખરેખર જ્ઞેયાકાર છે જ નહીં, તે તો જ્ઞાનાકાર જ છે અને તે જ્ઞાનાકાર જ્ઞાન વડે થાય છે ને જ્ઞાન પોતાના તે જ્ઞાનાકારને જાણે એવો જ્ઞાનનો અચિંત્ય સ્વભાવ છે. અરે ભાઈ! તો પછી પરને જાણું છું એ વાત ક્યાં રહી?

પરને જાણતો નથી તો પ્રમેયત્વ ગુણનું શું? અરે ભાઈ! બીજાના જ્ઞાનાકારમાં પોતે જ્ઞેય તરીકે ઝળકે તે પ્રમેયત્વગુણના કારણે છે. પરંતુ પ્રમેયત્વગુણના કારણે પોતે બીજાના જ્ઞાનમાં પેસી જાય એવું સ્વરૂપ નથી. બીજાના જ્ઞાનાકાર વખતે તેમાં નિમિત્તરૂપે ઉપસ્થિત થવાની યોગ્યતા છે તેનું કારણ છે પ્રમેયત્વગુણ. ધર્માસ્તિના ગતિહેતુત્વગુણનું કાર્ય શું?—કે જીવ-પુદ્‌ગલ સ્વયં ગતિ કરે ત્યારે તેમાં નિમિત્ત તરીકે ઉપસ્થિત હોય તે ધર્માસ્તિકાયના વિશેષગુણનું કાર્ય છે; પરંતુ ગતિહેતુત્વનું કાર્ય જીવ-પુદ્‌ગલને ગતિ કરાવવાનું નથી. તેમ દરેક દ્રવ્યના પ્રમેયત્વગુણનું કાર્ય શું?—કે અન્ય જીવો સ્વયં જે જે જ્ઞેયાકાર જ્ઞાનરૂપે પરિણમે તે તે જ્ઞેયાકાર જ્ઞાનમાં નિમિત્ત તરીકે–પરજ્ઞેય તરીકે જણાતા રહેવું તે પ્રમેયત્વગુણનું કાર્ય છે. ખરેખર તો 'જ્ઞાન ત્રણ કાળમાં કદીય જ્ઞેયાકારરૂપ પરિણમતું જ નથી; જ્ઞાન તો સદાય જ્ઞાનાકારરૂપ જ પરિણમે છે'—આ સૂત્રની ગહનતામાં ઊંડો ઊતરે તો પર જણાય છે એવું સ્વપ્નેય ભાસશે નહીં! જેમ પાણી ઉષ્ણ થાય અને તે વખતે અગ્નિનું નિમિત્તપણું હોવા છતાં નિમિત્ત અકિંચિત્કર હોવાથી અગ્નિની ઉષ્ણતા પાણીમાં પેસતી નથી, તેમ જ્ઞાનના સમય સમયના વિચિત્ર કલ્લોલો કે જે જ્ઞાનાકારરૂપ છે તેના પરિણમનકાળે જ્ઞેયની હાજરી હોય તોપણ જ્ઞાન જ્ઞાનાકારપણું છોડતું નથી, તેથી જ્ઞેયનું જ્ઞાન થતું નથી પણ જ્ઞાનાકારનું જ જ્ઞાન થાય છે. ઉપાદાન-નિમિત્તની વ્યવસ્થામાં તો ઉપાદાનથી થતા કાર્યકાળે નિમિત્તની ઉપસ્થિતિ અનિવાર્ય છે પરંતુ જ્ઞાનાકાર પરિણમનની વ્યવસ્થામાં જ્ઞેયની ઉપસ્થિતિ હો તો હો, ન પણ

હો! તોપણ જ્ઞાન સ્વતંત્રપણે જ્ઞાનાકારરૂપ પરિણમે છે, કેમ કે ઉપાદાન-નિમિત્ત એ તો છએ દ્રવ્યોની પરસ્પર સાપેક્ષ વ્યવસ્થા છે પરંતુ જ્ઞાનાકારરૂપ પરિણમવું એ તો આત્માનો નિરપેક્ષ અચિંત્ય વિશિષ્ટ સ્વભાવ હોવાથી તેને જ્ઞેયની ઉપસ્થિતિ હોવા – ન હોવા સાથે કાંઈ લેવાદેવા નથી; તેથી જ સમવસરણમાં મારિચને દેખતી વખતે પણ ભગવાન આદિનાથ મહાવીરને જોવે છે ને! એ જ જ્ઞાનના નિરપેક્ષ અચિંત્ય સ્વભાવની પ્રસિદ્ધિ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો એકાગ્રતાથી સાંભળતા ખ્યાલ આવશે કે દરેક પ્રવચનમાં સૂક્ષ્મ ન્યાયની વાત વારંવાર કરવાને બદલે ક્યારેક ક્યારેક સૂક્ષ્મ વાત કહી દેતા. જેમ કે શ્રી સમયસાર ૧૯મી વખતમાં સેટીકા-ખડીની ગાથાઓમાં પ્રવચન ૪૦૯-૪૧૦ સાંભળતા ખ્યાલમાં આવશે કે પરનું-રાગાદિનું જે જાણવું થયું તે રાગાદિના કારણે થયું નથી અથવા તો લોકાલોકનું જે જ્ઞાન થાય છે તે લોકાલોકથી થયું નથી કેમ કે તેમાં તન્મય થતા નથી એ વાત વારંવાર કરીને, પ્રવચનમાં વચ્ચે વચ્ચે અને છેલ્લે સ્પષ્ટ કહે છે કે ખરેખર પરને જાણતો જ નથી, પરસંબંધી જે જ્ઞાન થાય છે તે જ્ઞાનનું જ્ઞાન છે. તેઓશ્રીની એક વિશેષતા એ રહી છે કે એકદમ ઊંડાણ સુધીનો ન્યાય દરેક વખતે કહેવાને બદલે વચ્ચે વચ્ચે ઈશારારૂપ કહેતા રહેવું. પરનું જાણવું થયું તે પરથી થયું નથી એમ કહીને બે વચ્ચે કર્તાકર્મપણું નથી એટલો ન્યાય કહે. પછી તન્મય થઈને જાણતા નથી એમ કહીને બે દ્રવ્ય વચ્ચેના એકત્વવો નિષેધ કરવા સુધીનો ન્યાય કહે અને પ્રવચનમાં વચ્ચે વચ્ચે પરને જાણતો જ નથી છતાં પરને જાણે છે એમ વ્યવહારથી કહેવાય પણ એ વ્યવહાર જૂઠો છે એમ બે દ્રવ્યો વચ્ચે જ્ઞેયજ્ઞાયકસંબંધના નિષેધના છેક ઊંડા સૂક્ષ્મ ન્યાય સુધીની વાત કહીને, પરદ્રવ્યો અને સ્વદ્રવ્ય વચ્ચે સઘળાય સંબંધના અભાવરૂપ બે દ્રવ્યની સર્વથા ભિન્નતા બતાવીને પરની સંપૂર્ણ ઉપેક્ષા વડે જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાની અભેદ દૃષ્ટિની વિધિ સમજાવી દે. માટે આપણે પૂજ્યશ્રીની દેશનાની ગહનતા સુધી પહોંચીને તેઓશ્રી જે ન્યાયના ઊંડાણ સુધીની વાત ઈશારારૂપે કહી દેતા તેનું ગ્રહણ કરવાની પદ્ધતિ અપનાવવાની જરૂર છે જેથી પરને જાણે છે કે નહીં એવી દ્વિધા ઉદ્ભવે જ નહીં ને પ્રયોજન સુધી પહોંચી શકાય.

હવે પ્રતિભાસ અને જાણવું એ સમજવા માટે જ્ઞાનની વર્તમાન પર્યાયના સામર્થ્યને સમજવા જેવું છે. અરીસાના દૃષ્ટાંતથી વિચારીએ કે ડ્રેસિંગરૂમમાં ૩'X૬'ના એક અરીસા સામે શ્રૃંગાર સજીને ઊભેલી એક સ્ત્રી પોતાના કપાળમાં કરેલો ચાંદલો બરાબર ગોળમટોળ તો છે ને? એ અરીસાના પ્રતિબિંબમાં નીરખી રહી છે; તે વખતે અરીસાની પ્રગટ સ્વચ્છતામાં તે સ્ત્રીનું સંપૂર્ણ રૂપ અને તે સ્ત્રીની પાછળ રહેલી દીવાલ, દીવાલમાં લટકતા વસ્ત્રો આદિ બધું જ પ્રતિબિંબિત થઈ રહ્યું છે અને સાથોસાથ અરીસાની સ્વચ્છતાનું દળ

પણ પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ બધું થવું તે અરીસાની વર્તમાન સ્વચ્છતાનું સ્વરૂપ છે. પરંતુ તે વખતે સ્ત્રીને માત્ર પોતાના કપાળમાં રહેલ ચાંદલો જ દેખાય છે, જાણે કે અરીસામાં ચાંદલા સિવાય બીજું કાંઈ ન હોય અને તેથી તેને અરીસો પણ જણાતો નથી. અરીસાની સ્વચ્છતાની પ્રગટ અવસ્થામાં તેની સામે જે કાંઈ હોય તે ઝળકે છે અને જોનારને જેનું લક્ષ હોય તે જ દેખાય છે. અર્થાત્ બધું પ્રતિબિંબિત થવું તે છે પ્રતિભાસ અને લક્ષપૂર્વક જેને દેખે છે તેનું નામ છે જાણવું. જ્ઞાનની વર્તમાન પર્યાયનું એટલું સામર્થ્ય છે કે પ્રત્યેક સમયે એકીસાથે સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક અને પરજ્ઞેયો બન્નેનું ઝળકવું થયા જ કરે છે એટલે કે જ્ઞાનની પ્રત્યેક સમયની પર્યાયમાં આબાળ-ગોપાળ સર્વેને જ્ઞાયકનો પ્રતિભાસ થઈ રહ્યો છે–જ્ઞાયક ઝળકી જ રહ્યો છે ને સાથોસાથ પરજ્ઞેયોનો પણ પ્રતિભાસ થઈ જ રહ્યો છે. પરંતુ અજ્ઞાનીને માત્ર પરનું જ લક્ષ હોવાથી, જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જ્ઞાયક પણ પ્રતિભાસતો હોવા છતાં તેનું લક્ષ કરતો ન હોવાથી, માત્ર ચાંદલો જ અરીસામાં જણાતો હોય તેમ અજ્ઞાની માત્ર પરને જ જાણું છું એમ માનતો રહે છે. જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય જ એવું છે કે તેમાં સ્વજ્ઞેય ને પરજ્ઞેયનો પ્રતિભાસ–ઝલકન–ઝલકવું હર સમયે થઈ જ રહ્યું છે અને જે જીવ લક્ષપૂર્વક જેને દેખે તે તેના જ્ઞાનમાં જણાય છે. જ્ઞાનીને જ્ઞાયકસંબંધી જ્ઞાનાકાર જણાય છે ને અજ્ઞાનીને પરસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકાર જણાય છે. સારાંશ એ કે વર્તમાન જ્ઞાનપર્યાયમાં પ્રતિભાસ બેનો : સ્વજ્ઞેયસંબંધી અને પરજ્ઞેયસંબંધી; જાણવું એકનું : સ્વજ્ઞેયસંબંધી અથવા પરજ્ઞેયસંબંધી; કેવળીને બન્નેનું જાણવું એકીસાથે.

હવે, અરીસાના પ્રતિબિંબમાં ચાંદલો દેખતી સ્ત્રી કોને દેખે છે? પોતાના કપાળમાં રહેલા ચાંદલાને?–કે ના; તો? –કે પ્રતિબિંબમાં રહેલા ચાંદલાને દેખે છે. અરીસામાં પ્રતિબિંબ માત્ર ચાંદલાનું જ છે કે ઘણાનું પ્રતિબિંબ છે?—કે ઘણા બધાનું પ્રતિબિંબ છે, તો પછી સ્ત્રીને માત્ર પ્રતિબિંબિત થઈ રહેલો ચાંદલો જ કેમ દેખાય છે?–કે પ્રતિબિંબિત થઈ રહેલા ચાંદલામાં એકાગ્ર થઈને દેખતી હોવાથી તેને દેખાય છે માત્ર પ્રતિબિંબરૂપ ચાંદલો, પરંતુ નથી દેખાતી સ્વયં સ્ત્રી કે નથી દેખાતા અન્ય પ્રતિભાસિત પ્રતિબિંબો. તેનો અર્થ કે અરીસામાંના જે કોઈ પ્રતિબિંબમાં એકાગ્ર થઈને દેખે તે પ્રતિબિંબ જ દેખાય છે; એકાગ્ર થયા વિના બીજું કોઈ પ્રતિબિંબ દેખાતું નથી અને તે પ્રતિબિંબને દેખવા છતાં સામે રહેલા બિંબને પણ દેખતો નથી કેમ કે એકાગ્રપણે બિંબ સામે જોતો નથી પણ એકાગ્રપણે પ્રતિબિંબને જોવે છે.

તેવી રીતે કેવળી લોકાલોકને જાણતા નથી પણ તે સંબંધી પોતાના જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારને જાણે છે. કેમ લોકાલોકને જાણતા નથી?—કે તેમાં તન્મય થતાં નથી માટે.

પોતાના જ્ઞાનાકાર જ્ઞાનમાં તન્મય થઈને જ્ઞાનાકારને જાણતા હોવાથી, જેમાં તન્મય થતાં નથી એવા લોકાલોકને જાણવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેથી કેવળી લોકાલોકને જાણતા નથી તોપણ લોકાલોકસંબંધી પોતાના જ્ઞાનાકારમાં લોકાલોકની પરજ્ઞેયરૂપ ઉપસ્થિતિ હોવાથી લોકાલોકને જાણે છે તેમ ઉપચારથી કહેવાય છે.

જેમ સ્ત્રી અરીસામાંના ચાંદલાને એટલે કે ચાંદલાસંબંધી પ્રતિબિંબને જ દેખે છે, વાસ્તવિક ચાંદલાને એટલે કે તેમાં નિમિત્તભૂત બિંબને નહીં, તેમ અજ્ઞાની પણ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકારને જ જાણે છે પણ તેમાં નિમિત્તભૂત જ્ઞેયને એટલે કે પરને જાણતો નથી, કેમ કે જ્ઞાનનો સ્વભાવ પરમાં તન્મય થવાનો છે જ નહીં, માત્ર પોતાના જ્ઞેયાકારરૂપ જ્ઞાનમાં જ તન્મય થઈને તેને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ હોવાથી અજ્ઞાની પરને જાણતો નથી અને કેવળી લોકાલોકને જાણતા નથી. તન્મય થવું અર્થાત્ તેમાં એકાગ્ર થવું, તેમાં લક્ષ કરવું. જ્ઞાનમાં જે કંઈ ઝળકે છે, પ્રતિભાસિત થાય છે તેમાં જેનું લક્ષ કરે, જેમાં એકાગ્ર થાય, જેમાં તન્મય થાય તેને જ્ઞાન જાણે છે, પરંતુ પ્રતિભાસમાં નિમિત્તભૂત પરજ્ઞેયોમાં જ્ઞાન તન્મય થઈ શકતું જ નથી કેમ કે બે ભિન્ન-ભિન્ન દ્રવ્યો છે તેથી પરમાં તન્મય નહીં થઈ શકતું જ્ઞાન પરને જાણતું નથી. આમ, જ્ઞાનમાં હર સમયે થઈ રહેલા પ્રતિભાસમાં જેમાં તન્મય થાય તેને જ્ઞાન જાણે છે પરંતુ તેમાં નિમિત્તભૂત જ્ઞેયને જાણતું નથી. સ્વ અને લોકાલોકસંબંધી પર બન્ને પ્રતિભાસમાં કેવળી એકીસાથે તન્મય થતાં હોવાથી સ્વને અને લોકાલોકસંબંધી જ્ઞાનને બન્નેને એકીસાથે જાણે છે અને અજ્ઞાની સ્વ અને પરસંબંધી બન્ને પ્રતિભાસમાંથી એકલા પરસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનમાં તન્મય થતો હોવાથી પરસંબંધી જ્ઞાનાકારને જાણે છે; પરંતુ પરને તો નથી જાણતો અજ્ઞાની કે નથી જાણતા કેવળી.

એ રીતે પરના કારણે જ્ઞાન થયું નથી માટે પરને જાણતો નથી તથા તન્મય થઈને જાણતા નથી માટે કેવળી લોકાલોકને જાણતા નથી એવી દલીલ પૂજ્યશ્રી વારંવાર આપે છે તે પરને ખરેખર જાણતો નથી તેની સિદ્ધિ કરવા કહે છે. પરંતુ પરના કારણે પરને જાણતો ન હોવા છતાં પોતાના કારણે પરને જાણે છે અથવા તો તન્મય થતાં ન હોવાથી કેવળી લોકાલોકને જાણતા ન હોવા છતાં તન્મયપણારહિતપણે લોકાલોકને જાણે છે એમ પૂજ્યશ્રીનું કહેવું છે જ નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રીની ખૂબ સૂક્ષ્મ શૈલીના આધારે વિચારીયે તો (શ્રી સમયસાર ૧૯મી વખતના પ્રવચન નંબર–૩૭૪ મુજબ) ખરેખર તો જ્ઞાન પોતાના સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકસંબંધીના જ્ઞાનાકારને જ જ્ઞાન જાણે છે, જ્ઞાયકસંબંધીના જ્ઞાનાકાર જ્ઞાનને જાણવા છતાં પણ જ્ઞાયકને

જાણતું નથી ત્યાં પરને જાણવું તો ક્યાંય દૂર રહી ગયું! સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક અને પરજ્ઞેયરૂપ પર તે સંબંધી જ્ઞાનની વર્તમાન પરિણતિમાં જે જ્ઞાનાકારો ઉત્પન્ન થાય છે તેને જાણતું જ જ્ઞાન પરિણમતું હોવાથી જ્ઞાન પરને જાણતું જ નથી એ નિર્વિઘ્ને–નિર્વિવાદ સિદ્ધ થાય છે.

'પરને જાણતો નથી' એવું નક્કી કરવાનું પ્રયોજન શું?—ક્યાંક 'ખોદયો ડુંગર ને નીકળ્યો ઉંદર' તેની જેમ માત્ર વિદ્વત્તા જ હાંસલ કરવી નથી ને?—કે ના ભાઈ ના! આ વિષય તો, 'ખોદયો ડુંગર ને પામ્યો સોનાની ખાણ' જેવો છે. પરને જાણતો નથી પણ પરસંબંધી મારા જ્ઞાનને જ જાણું છું એવો નિર્ણય થતાં, તેનું ભાવભાસન થવાથી, પરને જાણવાની મીઠાસબુદ્ધિ છૂટે છે, મીઠાશબુદ્ધિ છૂટતાં, પ્રત્યેક સમયે મારું જ્ઞાન જ જણાઈ રહ્યું છે એમ જ્ઞાનસ્વભાવનો મહિમા ભાસતા ઉપયોગ પરસન્મુખતા છોડી સ્વસન્મુખ થઈ શકે છે અને સ્વસન્મુખ થયેલો એ ઉપયોગ જ્ઞાનમાં ઝળકી રહેલા જાણનારને જાણવા સક્ષમ બને છે. અર્થાત્ હું પરને જાણતો નથી પણ જ્ઞાયકને જ જાણું છું એવું જ્ઞાન-શ્રદ્ધાન ઉદિત થતા સાધ્યની સિદ્ધિ થાય એવા આ સૂત્રના મર્મને સમજવા માટે પોતાની વિદ્વતાને વિસારીને પ્રયોજનના પ્રલોભક બનવું અતિ આવશ્યક છે.

સારાંશ એ કે પૂજ્ય ગુરુદેવશ્રીના સીધા સાદા શબ્દોનું વિદ્વતતા વડે જાતજાતનું વિશ્લેષણ કરવા જતાં, જેમ કરોળિયો પોતાની જ લાળના જાળામાં ગૂંચવાઈ જાય છે, તેમ સીધા સાદા શબ્દોનું વિદ્વતતાપૂર્ણ પિષ્ટપેષણ કરવા જતાં મૂળ ભાવ સમજવો રહી જાય છે. માટે, વિશેષ જાણપણું લબ્ધિજ્ઞાનમાં શુષુપ્ત રાખીને, મૂળ પ્રયોજનના ગ્રહણમાં ઉપયોગ લગાડવાથી, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત બધાય સૂક્ષ્મ ન્યાયો બહુ સરળતાથી સમજવામાં આવી શકશે અને પ્રયોજનની સિદ્ધિ સમ્પન્ન થઈ જશે–એવી નિઃશંકતાપૂર્વક આત્મસાધનામાં જીવન વ્યતીત થાય તે ઇચ્છનીય છે અને તે જ લાભદાયી છે.

❀

**ભગવાન જ્ઞાનસ્વરુપ ચૈતન્યજ્યોત વસ્તુ એ પરમાં કાંઈ ફેરફાર કરે એ વાત તો છે જ નહીં પણ પરને જાણવું એમ કહેવું એ પણ વ્યવહાર છે. જે પર છે તે સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાની પોતામાં જ્ઞાનકલ્લોલપણે–તરંગપણે પરિણમી છે તેને જ્ઞાન જાણે છે.**

*ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ-૧)માંથી*

# નિર્વિવાદ સિદ્ધાંત

***કોઈપણ દ્રવ્યના કોઈપણ ગુણમાં જે કાર્ય—પરિણમન થાય***

***તે કાર્ય પોતામાં થાય છે—પરમાં થતું નથી, તે કાર્ય પોતાથી થાય છે—પરથી થતું નથી,***

***તે કાર્ય પોતાનું થાય છે—પરનું થતું નથી.***

ધ્યાન રહે : જ્ઞાનગુણના કાર્યને ''જાણવું'' કહેવાય છે.

લોકમાં રહેલાં છએ દ્રવ્યો પોતપોતાના સામાન્ય-વિશેષાત્મક અનંતાગુણો વડે સમયે સમયે સ્વતંત્ર, ક્રમબદ્ધ અને પોતાના ઉપાદાનની યોગ્યતા અનુસાર સમાનવિધિએ કાર્ય કરી રહ્યા છે—પરિણમી રહ્યા છે. દરેક ગુણોમાં સમય સમયનું જે કાર્ય થાય છે તે કાર્ય પોતામાં થાય છે, તે કાર્ય પોતાથી થાય છે ને તે કાર્ય પોતાનું થાય છે પણ તે કાર્ય પરમાં થતું નથી, પરથી થતું નથી અને પરનું થતું નથી; ચાહે તે સામાન્યગુણોનું કાર્ય હોય કે વિશેષગુણોનું કાર્ય હોય; ચાહે તે આકાશાદિ પાંચેય અચેતનદ્રવ્યનું કાર્ય હોય કે ચેતનદ્રવ્યનું કાર્ય હોય પરંતુ કાર્યની—પરિણમનની વિધિ સમાન હોય છે એટલે કે ધર્માસ્તિકાયના અસ્તિત્વગુણનું કાર્ય હોય કે ગતિહેતુત્વગુણનું કાર્ય હોય કે જીવદ્રવ્યના અસ્તિત્વગુણનું કાર્ય હોય કે વીર્યગુણનું કાર્ય હોય કે જ્ઞાનગુણનું કાર્ય હોય, બધાય દ્રવ્યોના બધાય ગુણોનું કાર્ય ઉપર જણાવ્યું તેમ સમાનવિધિએ થતું હોય છે. તેથી, જેમ અસ્તિત્વગુણમાં જે કાર્ય થાય તે કાર્ય પોતામાં થાય છે, તે કાર્ય પોતાથી થાય છે ને તે કાર્ય પોતાનું થાય છે, તેમ વીર્યગુણ અને જ્ઞાનગુણમાં જે કાર્ય થાય તે કાર્ય પણ પોતામાં થાય છે, તે કાર્ય પોતાથી થાય છે અને તે કાર્ય પોતાનું થાય છે. વીર્યગુણના કાર્યનું નામ છે 'કરવું'—'રચવું' અને જ્ઞાનગુણના કાર્યનું નામ છે 'જાણવું'. તેથી, જેમ વીર્યગુણમાં 'કરવું' પોતામાં થાય છે—પરમાં થતું નથી, પોતાથી થાય છે—પરથી થતું નથી, પોતાનું થાય છે—પરનું થતું નથી; તેમ જ્ઞાનગુણમાં પણ 'જાણવું' પોતામાં થાય છે—પરમાં થતું નથી, જાણવું પોતાથી થાય છે—પરથી થતું નથી, જાણવું પોતાનું થાય છે—પરનું થતું નથી. માટે, 'જાણવું' ચાહે સ્વજ્ઞેયસંબંધીનું હોય કે રાગાદિ પરજ્ઞેયસંબંધીનું હોય, તે જાણવું અર્થાત્ જ્ઞાનગુણમાં સમય સમયનું જે કાર્ય થાય તે કાર્ય પણ, બધાય દ્રવ્યોના બધાય ગુણોના સમય સમયના કાર્યની સમાનવિધિએ થતું હોવાથી, રાગાદિ પરદ્રવ્યોસંબંધી જે જાણવું થાય છે તે રાગાદિ પરજ્ઞેયોમાં થતું નથી, રાગાદિ પરદ્રવ્યોસંબંધી જે જાણવું થાય છે તે પરજ્ઞેયોથી થતું નથી અને રાગાદિ પરદ્રવ્યો-સંબંધી જે જાણવું થાય છે તે પરજ્ઞેયોનું થતું નથી એટલે કે રાગાદિ પરજ્ઞેયોને જાણતો નથી.

પાંચેય અચેતનદ્રવ્યોના કોઈપણ ગુણમાં થતું કાર્ય શું પરમાં થાય છે? શું પરથી થાય છે? શું પરનું થાય છે? એ રીતે જીવદ્રવ્યના કોઈપણ ગુણમાં થતું કાર્ય શું પરમાં થાય છે? શું પરથી

થાય છે? શું પરનું થાય છે? અર્થાત્ જ્ઞાનગુણમાં જે કાર્ય થાય તે પણ જો પરમાં થતું નથી, તે કાર્યપણ જો પરથી થતું નથી તો પછી તે કાર્ય પરનું કેમ થાય? એટલે કે જાણવું જો પરમાં થતું નથી, જાણવું જો પરથી થતું નથી તો પછી જાણવું પરનું કેમ થાય? માની લઈએ કે છ દ્રવ્યોમાં જીવદ્રવ્ય એકમાત્ર ચેતનદ્રવ્ય છે અને તેના અનંતા ગુણોમાં જ્ઞાન એકમાત્ર જાણવાનું અચિંત્ય સામર્થ્ય ધરાવતો ગુણ છે માટે જ્ઞાનગુણ પરને જાણે છે!...જો જીવ ચેતનદ્રવ્ય હોવાથી તેનામાં પરને જાણવાનો આવો વિશેષ ગુણ હોવાનું માની શકાય તો જીવ સમજદાર દ્રવ્ય હોવાથી પરમાં કાંઈ કરી શકે એવો એક અસાધારણ ગુણ શા માટે ન હોઈ શકે? અને જો એવો વિશિષ્ટ ગુણ હોય તો શું વાંધો? અરે ભાઈ! જો પરમાં કાંઈને કાંઈ કરી શકાય એવો વિશેષ દરજ્જો—અધિકાર જીવને દેવા જઈશું તો બીજા પાંચેય દ્રવ્યના વિશેષ ગુણમાં પણ પરમાં કર્તા કે ભોક્તા આદિ થવાનો કોઈને કોઈ પ્રકારનો વિશેષ દરજ્જો—અધિકાર કલ્પવો પડશે ને! તો છએ દ્રવ્યોની વસ્તુ-વ્યવસ્થા જ તૂટી પડશે ને! માટે, 'છએ દ્રવ્યોના બધાય ગુણોમાં પોતાનું કાર્ય થાય છે પરંતુ પરનું કાર્ય થતું નથી' એ ન્યાયે, જ્ઞાનગુણમાં જાણવું પણ પોતાનું થાય છે પરંતુ પરનું થતું નથી અર્થાત્ પરને જાણતો નથી એમ ફલિત થયા વિના રહેતું નથી.

આવી વસ્તુ-વ્યવસ્થા હોવા છતાં, 'પરને જાણું છું'—એવી માન્યતા કેમ છૂટતી નથી?—કે અનાદિના અજ્ઞાનનું કોઈ ગહન આધિપત્ય હોવાથી, સમયે સમયે જે જાણવું થાય છે તે જાણવું મારામાં થાય છે, મારાથી થાય છે ને મારું જાણવું થાય છે અર્થાત્ પરને જાણતો નથી એવું જ્ઞાન ઉદિત થતું ન હોવાથી 'પરને જાણું છું' એ માન્યતા છૂટતી નથી.

## પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર

**તું એક ચૈતન્ય છો કે નહીં? છો; તો તારો સ્વભાવ જાણવું એ છે કે નહીં? એ જાણવું છે તો જાણવું સ્વપરપ્રકાશકપણે છે કે એકલા સ્વપણે જ છે? જ્યારે સ્વપરપ્રકાશકપણે જાણવું છે તો એ પરને પ્રકાશે છે કે પોતાને પ્રકાશે છે? સ્વપર-પ્રકાશકપણું પોતાને પ્રકાશે છે. આહાહા! ચૈતન્ય પ્રભુ આત્મા એ દયા, દાન, રાગનો કર્તા તો નહીં પણ એનો જાણનાર પણ નહીં. આહાહા! ખરેખર તો એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. સ્વપરપ્રકાશક પોતાની શક્તિ છે એને વિસ્તારે છે, એ રાગાદિને વિસ્તારતો નથી. ચૈતન્યનો સ્વપરપ્રકાશક વિસ્તાર પોતાના જ્ઞાનને વિસ્તારે છે, પરવસ્તુને—જ્ઞેયને વિસ્તારતો નથી, આહાહા!**

**દીવો ઘટ-પટને પ્રકાશે છે એમ નહીં, દીવો દીવાના પ્રકાશને—દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો દીવાને પ્રકાશે છે અને દીવો ઘટ-પટનું પ્રકાશવું જે છે એ પ્રકાશને પ્રકાશે છે. એમ આત્મા પણ પરને પ્રકાશતો નથી, એના સ્વ અને પરને જાણવાનો જે પ્રકાશ પોતાનો છે તે દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહીં, આહાહા! ભગવાન આત્મા પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નહીં, સ્વ અને પરને પ્રકાશતી દ્વિરૂપતાને પ્રકાશે છે—જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહીં, લોકાલોકને નહીં, આહાહા!**

*ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ-૧)માંથી*

# પરદ્રવ્યો મને દેખાય છે પ્રત્યક્ષ અને મારે માનવું કે પર મને જણાતું નથી!!

પંડિત શ્રી ટોડરમલજી સાહેબનું વાક્ય યાદ આવી ગયું કે ‘‘જૈનદર્શનમાં આવી અનીતિ સંભવે નહીં!’’—જ્યારે વાંચવા મળ્યું કે ‘‘પરને જાણતો નથી!’’

બહુ આશ્ચર્ય થાય છે કે જગતના પદાર્થો મને પ્રત્યક્ષ જણાય છે છતાં મારે માનવાનું કે ‘પરને હું જાણતો નથી!’ જો પર મને પ્રત્યક્ષ જણાતું ન હોય તો એવું ન બને કે હું માનતો હોઉં કે વીતરાગી જિનદેવના દર્શન કરું છું ને દર્શન થતાં હોય કુદેવના! કેમ કે પરને જાણતો જ નથી એટલે પરદ્રવ્ય કાંઈ ને કાંઈ હોઈ શકે ને! દુનિયામાં કોઈ વ્યક્તિ એમ કહેનાર હશે ખરી કે પર પદાર્થ મને જણાતો નથી! હા; અંધ વ્યક્તિ કહી શકે ખરી! પ્રત્યક્ષ દેખાય છતાં કહેવું કે પરને જાણતો નથી. આ તે કેવો ગજબનો ભ્રમ છે! કોઈ મહાન વૈજ્ઞાનિક કદાચ નાની-મોટી બિલાડી માટે પીંજરામાં નાનો-મોટો દરવાજો કરાવવાની ભૂલ કરી શકે પરંતુ પ્રત્યક્ષ દેખાઈ રહેલા પર પદાર્થોને દેખવા છતાં હું પરને જાણતો નથી એવું કહેનારો કોઈ સંભવી ન શકે.

અરે! લૌકિક વાતનો આધાર જવા દો; જૈનદર્શનના આધારે વિચારીયે તોપણ જાણવું એ તો જ્ઞાનનો અનાદિસિદ્ધ સ્વભાવ છે અને તે પણ એકલા સ્વને જ નહીં પણ સ્વ અને પર બન્નેને જાણવાનો સહજ સ્વભાવ છે છતાં પરને જાણતો નથી એમ માનવું!!

—આવું જો ઊંડેઊંડે રહેતું હોય તો તેનું સમાધાન આ પ્રમાણે છે :—

શ્રી ટોડરમલજી સાહેબે જે કહ્યું છે તે બહુ જ વિચારણીય છે કે કરે દોષ પોતે અને માને કે કર્મ કરાવે છે, હું તો મહંત—નિર્દોષ—છું! માટે એવી અનીતિ જૈનદર્શનમાં ન સંભવે. તેનો વ્યાપક અર્થ સમજવા જેવો છે કે જેમ દોષ કરે પોતે ને માને પર કરાવે છે તેમ જ્ઞાન જાણે પોતાને ને માને કે પરને જાણું છું એટલે કે પોતાનું હોય ને પરનું માનવું, ચાહે તે દોષ હોય કે જાણવું હોય, જે પોતાનું હોય તેને પોતાનું સ્વીકારવાને બદલે પરનું માને—આવી અનીતિ જૈનદર્શનમાં સંભવે નહીં—એમ શ્રી ટોડરમલજીના કથનને વિશાળ ફલકમાં સમજવા જેવું છે.

રહી વાત ‘પ્રત્યક્ષ જણાવાની !’ પરદ્રવ્યો પ્રત્યક્ષ જણાય છે ને છતાં માનવું કે પર જણાતું નથી! ભાઈ સા’બ પ્રત્યક્ષ જે ‘‘જણાઈ’’ રહ્યો છે તે સ્વને જોવાની દરકાર નથી તેથી પર પદાર્થ પ્રત્યક્ષ દેખાતા હોવાનું ભાસે છે તેમાં કેટલો ભ્રમ છે તે વિચારવા કેટલાક દૃષ્ટાંત જોઈએ :—

જાદુગર કે.લાલ સેંકડો વ્યક્તિની સમક્ષ યુવાન છોકરીને કાપી નાખે છે તે પ્રત્યક્ષ જણાય છે કે નહીં? રોજ રોજ કે.લાલે છોકરીને કાપી નાખી હશે તો આજ સુધીમાં કેટલી છોકરીઓના ખૂનનો મુકદમો તેના ઉપર ચલાવવો પડશે! એક ખાલી ગ્લાસને બાલદીમાં ઊંધો વાળતાં ગ્લાસમાંથી પાણીની ધાર એટલી થાય છે કે બાલદી છલકાઈ જાય તોપણ ખાલી ગ્લાસનું પાણી ખૂટે નહીં ! ભાવલિંગી મુનિરાજને આહાર દેતાં ચક્રવર્તીનું સૈન્ય જમે તોય આહાર ખૂટે નહીં તેમ એક ખાલી ગ્લાસમાંથી આટલું પાણી નીકળતું પ્રત્યક્ષ દેખાય છે ને! તે ખરેખર તેમ જ હોય તો પહેલાંના જમાનામાં તો કે.લાલથી પણ મોટા જાદુગર થઈ ગયેલા એટલે સં. ૬૪મા જે દુષ્કાળ પડ્યો તે દુષ્કાળ પડ્યો જ ન હોત! અને અત્યારે સારા ચોમાસાની રાહ જોવી પડે છે—ભય રહે છે કે ચોમાસુ કેવું હશે? તે ભય જ ન રહેત ને! જાદુગરને કહો એટલે ગંગા-યમુના તમારા ગામમાં! ખાલી ગ્લાસમાંથી પાણી અખૂટ વહેતું પ્રત્યક્ષ જોયેલું કે નહીં? તો જે પ્રત્યક્ષ દેખાય તેમ માનવું કે નહીં?

આ તો લૌકિક વાતોના આધારે વિચાર્યું; જૈનદર્શનના આધારે વિચારીયે તો :—

પાણી અગ્નિથી ઉષ્ણ થાય છે તે પ્રત્યક્ષ દેખાય છે ને! તમારી કાર-ગાડી પેટ્રોલ ખૂટી જતા રસ્તામાં ઊભી રહી જાય છે? કે પેટ્રોલ વિના દોડતી રહે છે? ગૌતમ ગણધરની ઉપસ્થિતિ થવાથી ૬૬મે દિવસે મહાવીરસ્વામીની દિવ્યધ્વનિ છૂટી હતી એમાં બેમત છે ખરો? શરીર સ્ત્રીનું હોય અને મુક્તિ થતી નથી, પુરુષનું શરીર હોય તો મુક્તિ થાય છે—આ પ્રત્યક્ષ વાત છે ને! ગુરુદેવશ્રીના શબ્દો નીકળે કે પુણ્યથી ધર્મ ન થાય અને શ્રોતા સાંભળે પણ એમ જ કે પુણ્યથી ધર્મ ન થાય કે પછી એમ સાંભળતા હશે પુણ્યથી ધર્મ થાય! આમ જે બધું પ્રત્યક્ષ થાય છે તે શું ખરેખર તેમજ તમે માનો છો?

ભાઈ! જગતની રચના જ અસત્યની પ્રેરણા કરાવવાવાળી છે એટલે ઉપર જણાવ્યા તેવા સેંકડો દૃષ્ટાંતો વિચારતાં એમ જ લાગશે કે પ્રત્યક્ષ જણાય છે ને! છતાં ક્યો મુમુક્ષુ ઉપરના દૃષ્ટાંતમાં જે પ્રત્યક્ષ જણાય છે તેમ માનતો હશે? પ્રત્યક્ષ જણાય છે તેમ કોઈપણ નહીં માનતો હોય!

પ્રત્યક્ષ જણાવા છતાં તેમ હોતું નથી એ વાત માટે એક લૌકિક માસ્ટર કી વાપરવા જેવી છે. તમે તારંગાથી ટ્રેઈનમાં બેસીને સોનગઢ આવતા હો ત્યારે દોડતી ટ્રેઈનની બારીમાંથી બહાર જોતા હશો ત્યારે (૧) તમને પ્રત્યક્ષ દેખાતું હશે કે સેંકડો વૃક્ષો તારંગાની દિશામાં દોડ્યે જાય છે; (૨) તમને અનુભવાતું હશે કે હું તો સ્થિર બેઠો છું ને સામે જણાતી જમીન ને વૃક્ષો તારંગા તરફ સ્થળાંતર કરતાં રહે છે? એટલે કે હું તો જ્યાં છું ત્યાં જ છું તો શું સોનગઢ સ્થળાંતર

કરીને તારંગા પહોંચશે? અર્થાત્ પ્રત્યક્ષ જણાય છે કે વૃક્ષો દોડ્યે જાય છે ને પ્રત્યક્ષ અનુભવાય છે કે હું શાંતિથી બેઠો છું—સ્થળાંતર નથી કરતો! છતાં માનો છો શું? બસ, આ દૃષ્ટાંતને માસ્ટર કી લગાડીને પ્રત્યક્ષ જણાય છે છતાં તે, શ્રીમદ્જી કહે છે તેમ 'સૃષ્ટિની રચના અસત્યની પ્રેરણા કરાવે તેવી છે' તેમ, પ્રત્યક્ષ જણાય તેમ હોતું નથી એ વાત સમજી લેવાની છે.

જોકે આટલું તર્કબદ્ધ હોવા છતાં પરને જાણું તો છું ને!—એ વાત નીકળતી કેમ નહીં હોય! કે કેરોસીન ભરેલા ડબ્બાને ખાલી કરીને ગમે તેટલો સાફ કરીએ તોપણ તેની ગંધ તુરત જતી નથી, ગંધ દૂર થતા ઘણો સમય લાગે છે ને! જેમ ગુરુના ઉપદેશથી જ્ઞાન થતું નથી એવું વર્ષો સુધી સમજતા રહેવા છતાં ઊંડેઊંડે તો, ગુરુ મળ્યા પહેલાં ક્યાં આવું જ્ઞાન હતું! માટે ગુરુથી જ મને આ જ્ઞાન થયું છે—એવી માન્યતા રહેતી હોય છે ને! તેમ, જ્ઞેય છે તેથી જ્ઞાન થયું છે એવી જે માન્યતા પડી છે તે 'જ્ઞેયને જાણતો નથી'—એવું માનવા દેતી નથી! એને એમ થાય છે કે આ પરદ્રવ્યો પ્રત્યક્ષ દેખાય છે ને! જો પરને જાણતો ન હોઉં તો રૂમમાંથી બહાર નીકળતાં ભીંત સાથે કેમ ભટકાતો નથી? ને દરવાજામાંથી કેમ બહાર નીકળું છું? માટે પ્રત્યક્ષ જણાય છે તે જ સત્ય છે—એમ રહ્યા કરે છે.

અરે ભાઈ! પ્રત્યક્ષ દેખાય તે સાચું જ હોય તેમ તું માને છો ખરો! વૃક્ષની ડાળી પર ચકલી બેઠી ને એ જ વખતે ડાળી તૂટી પડી એવું તને પ્રત્યક્ષ જણાય છે ને! તો શું માને છો? ચકલીના વજનથી ડાળી તૂટી ગયાનું માને છો ખરો? મૃગજળ પ્રત્યક્ષ જણાય છે છતાં જળરૂપ માને છો ખરો!—આમ ઘણીવાર તને અનુભવાયું હશે જ કે પોતાની આંખે જોયેલું ને પોતાના કાને સાંભળેલું હોય તોપણ તે તદ્દન ખોટું હોય છે! તને જે પ્રત્યક્ષ દેખાય છે તે સંયોગદૃષ્ટિથી જોવાની આદતથી દેખાતું હોવાથી તને ખોટું સમજાય છે. શ્રી સમયસારની ૧૪મી ગાથામાં આ જ વાત સમજાવી છે કે તને જે અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અનુભવાય છે—જણાય છે તે સંયોગદૃષ્ટિથી સત્ય હોવા છતાં, તું સ્વભાવ-સમીપ જઈને જોઈશ—અનુભવીશ તો પ્રત્યક્ષ જણાતાં તે બધાય ભાવો અસત્યાર્થ છે—અભૂતાર્થ છે એમ તને અનુભવાશે. આ જ સિદ્ધાંતથી વિચારતાં, પરપદાર્થ પ્રત્યક્ષ જણાતો હોવાનું સંયોગદૃષ્ટિથી તને લાગવા છતાં, સ્વભાવ-સમીપ જઈને જોતાં, પ્રયોજનની સિદ્ધિની પ્રધાનતાથી વિચારતાં, પર જણાય છે તે અભૂતાર્થ છે એવું સમજાઈ જશે.

પરંતુ....!!

ગુરુકૃપાથી ઉપાદાન-નિમિત્તની વ્યવસ્થા તો સહેલાઈથી સમજાય જાય છે, ક્રમબદ્ધ અને પુરુષાર્થનો કોયડો પણ પૂજ્યશ્રીના પ્રતાપે ઉકેલી શકાયો છે પરંતુ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકાર જ્ઞાન ને

તેમાં નિમિત્તભૂત પરજ્ઞેયો અર્થાત્ જ્ઞેયાકાર જ્ઞાન ને પરજ્ઞેયની વસ્તુ-વ્યવસ્થા સમજવી કઠિન લાગે છે; વળી પરજ્ઞેય તો જણાય છે પણ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકાર જણાતા હોવાનું પકડાતું નથી તો પરજ્ઞેય જણાય છે કે જણાતું નથી એ વિષયમાં ઉતરવાની શી જરૂર છે?—કે ભાઈ! પરજ્ઞેયોમાં આ ઈષ્ટ અને આ અનિષ્ટ એવી ભેદબુદ્ધિના કારણે રાગ-દ્વેષ કરી કરીને સંસારમાં રખડતો રહ્યો હોવાથી, જ્ઞેયમાં ઉપજતી ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ છોડવા આ વિષય સમજવો અત્યંત જરૂરી છે. પરજ્ઞેયસંબંધીના મારા જ્ઞેયાકાર જ્ઞાનને જ હું જાણું છું, પરજ્ઞેયને જાણતો નથી તેની જો ખરેખર પ્રતીતિ ઊપજે તો, પરજ્ઞેયને જાણતો જ નથી ત્યાં મારા માટે પરજ્ઞેય ઈષ્ટ કે અનિષ્ટ ક્યાં રહ્યું?—એમ મોહજન્ય ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ છૂટી જાય તે માટે આ વિષય સમજવાની જરૂર છે.

વળી જેમ ઉપાદાન-નિમિત્તની વ્યવસ્થા સમજીને, નિમિત્તને ગૌણ કરવાનું છે, નિમિત્તનું લક્ષ છોડવાનું છે અને ઉપાદાનને પ્રધાન કરવાનું છે, તેમ જ્ઞેયાકાર જ્ઞાન ને પરજ્ઞેયના સંબંધને સમજીને, પરજ્ઞેયને ગૌણ કરવાનું છે, પરજ્ઞેયનું લક્ષ છોડવાનું છે ને જ્ઞેયાકાર જ્ઞાનને પ્રધાન કરવાનું છે, જેથી ઉપયોગ બહિર્મુખથી ખસીને અંતર્મુખ થાય તે માટે, પોતાના સ્વપરપ્રકાશક સ્વભાવને સમજવા આ વિષય સમજવો જરૂરી છે.

ખરેખર તો સ્વપરપ્રકાશક સ્વભાવ દ્વારા પરને જાણતો નથી પરંતુ પરપ્રકાશકપણામાં પરસંબંધી જ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનાકાર જ્ઞાનને જાણે છે તેમ નિર્ણય કરાવીને સ્વપરપ્રકાશકપણામાં પોતાના સ્વજ્ઞેયસંબંધી જ્ઞાનાકાર જ્ઞાનનો જે વિષય છે તે જ્ઞાયકનું લક્ષ કરાવવાનું પ્રયોજન છે.

ચિદ્‌વિલાસમાં પં. શ્રી દીપચંદજી કાસલીવાલ તો કહે છે કે "જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્‌ભૂત-ઉપચરિતનયથી છે." વ્યવહારનય અને તેના ચાર ભેદમાં અસદ્‌ભૂત ઉપચરિત દ્વારા થતાં કથનમાં કેટલું ભૂતાર્થપણું સંભવી શકે છે તે કહેવાની જરૂર નથી ને! શ્રી સમયસારની ૧૧મી ગાથામાં સઘળાય વ્યવહારને અસત્યાર્થ કહ્યો છે ને! અહીં શ્રી દીપચંદજી કહે છે કે જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્‌ભૂત-ઉપચરિત!—ત્યાં, પરને જાણું છું એ વાત......!

માટે, જે કોઈ પરજ્ઞેયો પ્રત્યક્ષ જણાય ત્યારે વિચારવું કે આ તો દોડતી ટ્રેઈનની અંદર બેસીને બારીની બહાર જોતાં, વૃક્ષો દોડતા પ્રત્યક્ષ દેખાય છે તેવું પ્રત્યક્ષ છે! ભાઈ! નજર સામે સમુદ્ર હોવા છતાં આંખ આડે ચાર ઈંચનો પડદો રાખીને દેખતા જાણે સમુદ્ર છે જ નહીં એવો જે ભ્રમ ઊપજે છે તેવો 'પરને જાણવા' સંબંધી ગહન ભ્રમ છે. "ખરેખર તો જણાઈ રહ્યો છે સ્વ અને માને છે કે પર મને જણાઈ રહ્યું છે!—આ ગુપ્ત રહસ્ય એને જ સમજાય છે જેના માથે ગુરુકહાનનો કૃપાપૂર્ણ હાથ ફર્યો હોય છે! ધન્ય છે એ ગુરુને જેમણે આવા ગહન રહસ્યને પ્રત્યક્ષ કરીને આપણને સમજાવ્યું !

# પરદ્રવ્યો મને દેખાય છે પ્રત્યક્ષ અને મારે માનવું કે પર મને જણાતું નથી!!

પંડિત શ્રી ટોડરમલજી સાહેબનું વાક્ય યાદ આવી ગયું કે ''જૈનદર્શનમાં આવી અનીતિ સંભવે નહીં!''—જ્યારે વાંચવા મળ્યું કે ''પરને જાણતો નથી!''

બહુ આશ્ચર્ય થાય છે કે જગતના પદાર્થો મને પ્રત્યક્ષ જણાય છે છતાં મારે માનવાનું કે 'પરને હું જાણતો નથી!' જો પર મને પ્રત્યક્ષ જણાતું ન હોય તો એવું ન બને કે હું માનતો હોઉં કે વીતરાગી જિનદેવના દર્શન કરું છું ને દર્શન થતાં હોય કુદેવના! કેમ કે પરને જાણતો જ નથી એટલે પરદ્રવ્ય કાંઈ ને કાંઈ હોઈ શકે ને! દુનિયામાં કોઈ વ્યક્તિ એમ કહેનાર હશે ખરી કે પર પદાર્થ મને જણાતો નથી! હા; અંધ વ્યક્તિ કહી શકે ખરી! પ્રત્યક્ષ દેખાય છતાં કહેવું કે પરને જાણતો નથી. આ તે કેવો ગજબનો ભ્રમ છે! કોઈ મહાન વૈજ્ઞાનિક કદાચ નાની-મોટી બિલાડી માટે પીંજરામાં નાનો-મોટો દરવાજો કરાવવાની ભૂલ કરી શકે પરંતુ પ્રત્યક્ષ દેખાઈ રહેલા પર પદાર્થોને દેખવા છતાં હું પરને જાણતો નથી એવું કહેનારો કોઈ સંભવી ન શકે.

અરે! લૌકિક વાતનો આધાર જવા દો; જૈનદર્શનના આધારે વિચારીયે તોપણ જાણવું એ તો જ્ઞાનનો અનાદિસિદ્ધ સ્વભાવ છે અને તે પણ એકલા સ્વને જ નહીં પણ સ્વ અને પર બન્નેને જાણવાનો સહજ સ્વભાવ છે છતાં પરને જાણતો નથી એમ માનવું!!

—આવું જો ઊંડેઊંડે રહેતું હોય તો તેનું સમાધાન આ પ્રમાણે છે :—

શ્રી ટોડરમલજી સાહેબે જે કહ્યું છે તે બહુ જ વિચારણીય છે કે કરે દોષ પોતે અને માને કે કર્મ કરાવે છે, હું તો મહંત—નિર્દોષ—છું! માટે એવી અનીતિ જૈનદર્શનમાં ન સંભવે. તેનો વ્યાપક અર્થ સમજવા જેવો છે કે જેમ દોષ કરે પોતે ને માને પર કરાવે છે તેમ જ્ઞાન જાણે પોતાને ને માને કે પરને જાણું છું એટલે કે પોતાનું હોય ને પરનું માનવું, ચાહે તે દોષ હોય કે જાણવું હોય, જે પોતાનું હોય તેને પોતાનું સ્વીકારવાને બદલે પરનું માને—આવી અનીતિ જૈનદર્શનમાં સંભવે નહીં—એમ શ્રી ટોડરમલજીના કથનને વિશાળ ફલકમાં સમજવા જેવું છે.

રહી વાત 'પ્રત્યક્ષ જણાવાની !' પરદ્રવ્યો પ્રત્યક્ષ જણાય છે ને છતાં માનવું કે

પર જણાતું નથી! ભાઈ સા'બ પ્રત્યક્ષ જે ''જણાઈ'' રહ્યો છે તે સ્વને જોવાની દરકાર નથી તેથી પર પદાર્થ પ્રત્યક્ષ દેખાતા હોવાનું ભાસે છે તેમાં કેટલો ભ્રમ છે તે વિચારવા કેટલાક દૃષ્ટાંત જોઈએ :—

જાદુગર કે.લાલ સેંકડો વ્યક્તિની સમક્ષ યુવાન છોકરીને કાપી નાખે છે તે પ્રત્યક્ષ જણાય છે કે નહીં? રોજ રોજ કે.લાલે છોકરીને કાપી નાખી હશે તો આજ સુધીમાં કેટલી છોકરીઓના ખૂનનો મુકદમો તેના ઉપર ચલાવવો પડશે! એક ખાલી ગ્લાસને બાલદીમાં ઊંધો વાળતાં ગ્લાસમાંથી પાણીની ધાર એટલી થાય છે કે બાલદી છલકાઈ જાય તોપણ ખાલી ગ્લાસનું પાણી ખૂટે નહીં ! ભાવલિંગી મુનિરાજને આહાર દેતાં ચક્રવર્તીનું સૈન્ય જમે તોય આહાર ખૂટે નહીં તેમ એક ખાલી ગ્લાસમાંથી આટલું પાણી નીકળતું પ્રત્યક્ષ દેખાય છે ને! તે ખરેખર તેમ જ હોય તો પહેલાંના જમાનામાં તો કે.લાલથી પણ મોટા જાદુગર થઈ ગયેલા એટલે સં. ૫૬મા જે દુષ્કાળ પડ્યો તે દુષ્કાળ પડ્યો જ ન હોત! અને અત્યારે સારા ચોમાસાની રાહ જોવી પડે છે—ભય રહે છે કે ચોમાસુ કેવું હશે? તે ભય જ ન રહેત ને! જાદુગરને કહો એટલે ગંગા-યમુના તમારા ગામમાં! ખાલી ગ્લાસમાંથી પાણી અખૂટ વહેતું પ્રત્યક્ષ જોયેલું કે નહીં? તો જે પ્રત્યક્ષ દેખાય તેમ માનવું કે નહીં?

આ તો લૌકિક વાતોના આધારે વિચાર્યું; જૈનદર્શનના આધારે વિચારીયે તો :—

પાણી અગ્નિથી ઉષ્ણ થાય છે તે પ્રત્યક્ષ દેખાય છે ને! તમારી કાર-ગાડી પેટ્રોલ ખૂટી જતા રસ્તામાં ઊભી રહી જાય છે? કે પેટ્રોલ વિના દોડતી રહે છે? ગૌતમ ગણધરની ઉપસ્થિતિ થવાથી ૬૬મે દિવસે મહાવીરસ્વામીની દિવ્યધ્વનિ છૂટી હતી એમાં બેમત છે ખરો? શરીર સ્ત્રીનું હોય અને મુક્તિ થતી નથી, પુરુષનું શરીર હોય તો મુક્તિ થાય છે—આ પ્રત્યક્ષ વાત છે ને! ગુરુદેવશ્રીના શબ્દો નીકળે કે પુણ્યથી ધર્મ ન થાય અને શ્રોતા સાંભળે પણ એમ જ કે પુણ્યથી ધર્મ ન થાય! આમ જે બધું પ્રત્યક્ષ થાય છે તે શું ખરેખર તેમજ તમે માનો છો?

ભાઈ! જગતની રચના જ અસત્યની પ્રેરણા કરાવવાવાળી છે એટલે ઉપર જણાવ્યા તેવા સેંકડો દૃષ્ટાંતો વિચારતાં એમ જ લાગશે કે પ્રત્યક્ષ જણાય છે ને! છતાં ક્યો મુમુક્ષુ ઉપરના દૃષ્ટાંતમાં જે પ્રત્યક્ષ જણાય છે તેમ માનતો હશે? પ્રત્યક્ષ જણાય છે તેમ કોઈપણ નહીં માનતો હોય!

પ્રત્યક્ષ જણાવા છતાં તેમ હોતું નથી એ વાત માટે એક લૌકિક માસ્ટર કી

વાપરવા જેવી છે. તમે તારંગાથી ટ્રેઈનમાં બેસીને સોનગઢ આવતા હો ત્યારે દોડતી ટ્રેઈનની બારીમાંથી બહાર જોતા હશો ત્યારે (૧) તમને પ્રત્યક્ષ દેખાતું હશે કે સેંકડો વૃક્ષો તારંગાની દિશામાં દોડ્યે જાય છે; (૨) તમને અનુભવાતું હશે કે હું તો સ્થિર બેઠો છું ને સામે જણાતી જમીન ને વૃક્ષો તારંગા તરફ સ્થળાંતર કરતાં રહે છે? એટલે કે હું તો જ્યાં છું ત્યાં જ છું તો શું સોનગઢ સ્થળાંતર કરીને તારંગા પહોંચશે? અર્થાત્ પ્રત્યક્ષ જણાય છે કે વૃક્ષો દોડ્યે જાય છે ને પ્રત્યક્ષ અનુભવાય છે કે હું શાંતિથી બેઠો છું—સ્થળાંતર નથી કરતો! છતાં માનો છો શું? બસ, આ દૃષ્ટાંતને માસ્ટર કી લગાડીને પ્રત્યક્ષ જણાય છે છતાં તે, શ્રીમદ્જી કહે છે તેમ 'સૃષ્ટિની રચના અસત્યની પ્રેરણા કરાવે તેવી છે' તેમ, પ્રત્યક્ષ જણાય તેમ હોતું નથી એ વાત સમજી લેવાની છે.

જોકે આટલું તર્કબદ્ધ હોવા છતાં પરને જાણું તો છું ને!—એ વાત નીકળતી કેમ નહીં હોય! કે કેરોસીન ભરેલા ડબ્બાને ખાલી કરીને ગમે તેટલો સાફ કરીએ તોપણ તેની ગંધ તુરત જતી નથી, ગંધ દૂર થતા ઘણો સમય લાગે છે ને! જેમ ગુરુના ઉપદેશથી જ્ઞાન થતું નથી એવું વર્ષો સુધી સમજતા રહેવા છતાં ઊંડેઊંડે તો, ગુરુ મળ્યા પહેલાં ક્યાં આવું જ્ઞાન હતું! માટે ગુરુથી જ મને આ જ્ઞાન થયું છે—એવી માન્યતા રહેતી હોય છે ને! તેમ, જ્ઞેય છે તેથી જ્ઞાન થયું છે એવી જે માન્યતા પડી છે તે 'જ્ઞેયને જાણતો નથી'—એવું માનવા દેતી નથી! એને એમ થાય છે કે આ પરદ્રવ્યો પ્રત્યક્ષ દેખાય છે ને! જો પરને જાણતો ન હોઉં તો રૂમમાંથી બહાર નીકળતાં ભીંત સાથે કેમ ભટકાતો નથી? ને દરવાજામાંથી કેમ બહાર નીકળું છું? માટે પ્રત્યક્ષ જણાય છે તે જ સત્ય છે—એમ રહ્યા કરે છે.

અરે ભાઈ! પ્રત્યક્ષ દેખાય તે સાચું જ હોય તેમ તું માને છો ખરો! વૃક્ષની ડાળી પર ચકલી બેઠી ને એ જ વખતે ડાળી તૂટી પડી એવું તને પ્રત્યક્ષ જણાય છે ને! તો શું માને છો? ચકલીના વજનથી ડાળી તૂટી ગયાનું માને છો ખરો? મૃગજળ પ્રત્યક્ષ જણાય છે છતાં જળરૂપ માને છો ખરો!—આમ ઘણીવાર તને અનુભવાયું હશે જ કે પોતાની આંખે જોયેલું ને પોતાના કાને સાંભળેલું હોય તોપણ તે તદ્દન ખોટું હોય છે! તને જે પ્રત્યક્ષ દેખાય છે તે સંયોગદૃષ્ટિથી જોવાની આદતથી દેખાતું હોવાથી તને ખોટું સમજાય છે. શ્રી સમયસારની ૧૪મી ગાથામાં આ જ વાત સમજાવી છે કે તને જે બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અનુભવાય છે—જણાય છે તે સંયોગદૃષ્ટિથી સત્ય હોવા છતાં, તું સ્વભાવ-સમીપ જઈને જોઈશ—અનુભવીશ તો પ્રત્યક્ષ જણાતાં તે બધાય ભાવો

અસત્યાર્થ છે—અભૂતાર્થ છે એમ તને અનુભવાશે. આ જ સિદ્ધાંતથી વિચારતાં, પરપદાર્થ પ્રત્યક્ષ જણાતો હોવાનું સંયોગદૃષ્ટિથી તને લાગવા છતાં, સ્વભાવ-સમીપ જઈને જોતાં, પ્રયોજનની સિદ્ધિની પ્રધાનતાથી વિચારતાં, પર જણાય છે તે અભૂતાર્થ છે એવું સમજાઈ જશે.

પરંતુ....!!

ગુરુકૃપાથી ઉપાદાન-નિમિત્તની વ્યવસ્થા તો સહેલાઈથી સમજાય જાય છે, ક્રમબદ્ધ અને પુરુષાર્થનો કોયડો પણ પૂજ્યશ્રીના પ્રતાપે ઉકેલી શકાયો છે પરંતુ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકાર જ્ઞાન ને તેમાં નિમિત્તભૂત પરજ્ઞેયો અર્થાત્ જ્ઞેયાકાર જ્ઞાન ને પરજ્ઞેયની વસ્તુ-વ્યવસ્થા સમજવી કઠિન લાગે છે; વળી પરજ્ઞેય તો જણાય છે પણ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકાર જણાતા હોવાનું પકડાતું નથી તો પરજ્ઞેય જણાય છે કે જણાતું નથી એ વિષયમાં ઉતરવાની શી જરૂર છે?—કે ભાઈ! પરજ્ઞેયોમાં આ ઇષ્ટ અને આ અનિષ્ટ એવી ભેદબુદ્ધિના કારણે રાગ-દ્વેષ કરી કરીને સંસારમાં રખડતો રહ્યો હોવાથી, જ્ઞેયમાં ઉપજતી ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ છોડવા આ વિષય સમજવો અત્યંત જરૂરી છે. પરજ્ઞેયસંબંધીના મારા જ્ઞેયાકાર જ્ઞાનને જ હું જાણું છું, પરજ્ઞેયને જાણતો નથી તેની જો ખરેખર પ્રતીતિ ઊપજે તો, પરજ્ઞેયને જાણતો જ નથી ત્યાં મારા માટે પરજ્ઞેય ઇષ્ટ કે અનિષ્ટ ક્યાં રહ્યું?—એમ મોહજન્ય ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ છૂટી જાય તે માટે આ વિષય સમજવાની જરૂર છે.

વળી જેમ ઉપાદાન-નિમિત્તની વ્યવસ્થા સમજીને, નિમિત્તને ગૌણ કરવાનું છે, નિમિત્તનું લક્ષ છોડવાનું છે અને ઉપાદાનને પ્રધાન કરવાનું છે, તેમ જ્ઞેયાકાર જ્ઞાન ને પરજ્ઞેયના સંબંધને સમજીને, પરજ્ઞેયને ગૌણ કરવાનું છે, પરજ્ઞેયનું લક્ષ છોડવાનું છે ને જ્ઞેયાકાર જ્ઞાનને પ્રધાન કરવાનું છે, જેથી ઉપયોગ બહિર્મુખથી ખસીને અંતર્મુખ થાય તે માટે, પોતાના સ્વપરપ્રકાશક સ્વભાવને સમજવા આ વિષય સમજવો જરૂરી છે.

ખરેખર તો સ્વપરપ્રકાશક સ્વભાવ દ્વારા પરને જાણતો નથી પરંતુ પરપ્રકાશકપણામાં પરસંબંધી જ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનાકાર જ્ઞાનને જાણે છે તેમ નિર્ણય કરીને પણ પરજ્ઞેયસંબંધી પોતાની જ્ઞાનપર્યાયમાં જ જ્યાં સુધી ઊભો રહે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ જ છે. તેથી પરને જાણતો નથી પરંતુ પરસંબંધી મારી જ્ઞાનપર્યાયને જ જાણું છું એટલો નિર્ણય કરીને, તે જ્ઞેયાકાર જ્ઞાનપર્યાયનું લક્ષ છોડીને, સ્વપરપ્રકાશકપણામાં સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકનું જે પર્યાયમાં જ્ઞાન થાય તે જ્ઞાનપર્યાયનું પણ

લક્ષ છોડીને, તે જ્ઞાનપર્યાયમાં જે સ્વજ્ઞેયનું—જ્ઞાયકનું જાણપણું થાય છે તે જ્ઞાયકનું લક્ષ કરે છે ત્યારે પ્રયોજનની સિદ્ધિ થાય છે અર્થાત્ પરને જાણનારો તો હું નથી પણ જ્ઞાયકને જાણનારો—જાણવાની પર્યાયરૂપ—પણ હું નથી, હું તો જે જણાઈ રહ્યો છે તે જ્ઞાયક જ હું છું—એમ જાણવાની પર્યાયનું લક્ષ છોડીને જ્ઞાયકમાં અહમ્પણું સ્થાપવું તે સ્વપરપ્રકાશક સ્વભાવનું પ્રયોજન છે.

ચિદ્વિલાસમાં પં. શ્રી દીપચંદજી કાસલીવાલ તો કહે છે કે ''જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્ભૂત-ઉપચરિતનયથી છે.'' વ્યવહારનય અને તેના ચાર ભેદમાં અસદ્ભૂત ઉપચરિત દ્વારા થતાં કથનમાં કેટલું ભૂતાર્થપણું સંભવી શકે છે તે કહેવાની જરૂર નથી ને! શ્રી સમયસારની ૧૧મી ગાથામાં સઘળાય વ્યવહારને અસત્યાર્થ કહ્યો છે ને! અહીં શ્રી દીપચંદજી કહે છે કે જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્ભૂત-ઉપચરિત!—ત્યાં, પરને જાણું છું એ વાત......!

માટે, જે કોઈ પરજ્ઞેયો પ્રત્યક્ષ જણાય ત્યારે વિચારવું કે આ તો દોડતી ટ્રેઈનની અંદર બેસીને બારીની બહાર જોતાં, વૃક્ષો દોડતા પ્રત્યક્ષ દેખાય છે તેવું પ્રત્યક્ષ છે! ભાઈ! નજર સામે સમુદ્ર હોવા છતાં આંખ આડે ચાર ઇંચનો પડદો રાખીને દેખતા જાણે સમુદ્ર છે જ નહીં એવો જે ભ્રમ ઊપજે છે તેવો 'પરને જાણવા' સંબંધી ગહન ભ્રમ છે. ''ખરેખર તો જણાઈ રહ્યો છે સ્વ અને માને છે કે પર મને જણાઈ રહ્યું છે!— આ ગુપ્ત રહસ્ય એને જ સમજાય છે જેના માથે ગુરુકહાનનો કૃપાપૂર્ણ હાથ ફર્યો હોય છે! ધન્ય છે એ ગુરુને જેમણે આવા ગહન રહસ્યને પ્રત્યક્ષ કરીને આપણને સમજાવ્યું !

**—જિતુ મોદી, સોનગઢ**